# સુરણની વૈજ્ઞાનિક ખેતી

સુરણ એ કંદમૂળ વર્ગનો શાકભાજી પાક છે જેને કંદમૂળ પાકોના રાજા તેમજ જીમ્મીકંદ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પાક ઉષ્ણ અને સમશિતોષ્ણ કટિબંધ વિસ્તારમાં ઉગાડવામાં આવે છે. ગુજરાતમાં તેની ખેતી મુખ્યત્વે સુરત, પંચમહાલ, આણંદ, વડોદરા, ખેડા, વલસાડ, નવસારી, ડાંગ અને બનાસકાંઠા જીલ્લાઓમાં કરવામાં આવે છે. તેનાં વધુ ઉત્પાદનને કારણે તે શાકભાજી પાકોમાં વધુ પ્રચલિત છે અને રોકડિયા પાક તરીકે પણ તેનું વાવેતર કરવામાં આવે છે. ઘરગથ્થુ વપરાશમાં સુરણની ગાંઠનો ઉપયોગ શાક બનાવવા તેમજ દાળને સ્વાદિષ્ટ બનાવવા માટે થાય છે. ગાંઠનો ઉપયોગ ચટણી તથા અથાણું બનાવવામાં માટે પણ થાય છે. આયુર્વેદિક દૃષ્ટિએ પણ તે ઘણું મહત્વપૂર્ણ છે જેનો ઉપયોગ લોહી શુધ્ધીકરણ, ફેફસામાં સોજો, અસ્થમા, હરસ અને દુખાવામાં થાય છે. પોષણ મુલ્યની દૃષ્ટિએ ૧૦૦ ગ્રામ સુરણમાં સરેરાશ પાણી (૭૮%), પ્રોટીન (૨%), ચરબી (૦.૧%), કાર્બોહાઈડ્રેટ્સ (૧૮.૪%), કેલ્શિયમ (૩૮%), લોહ (૨.૪%), થાયમીન (૦.૦૬%), રીબોફ્લેવીન (૦.૦૨%) તથા પ્રજીવક એ (૪૩૪ IU) રહેલા છે.

સુરણમાં કુલ ૨૦૦ જેટલી પ્રજાતિઓ નોંધાયેલ છે. જેમાંથી ફક્ત ૪ થી ૫ પ્રજાતિઓનો ઉપયોગ જ ખોરાક તેમજ ઔષધિ તરીકે કરી શકાય છે. બાકીની જંગલી પ્રકારની પ્રજાતિઓમાં કેલ્શિયમ ઓક્ઝેલટ નામનો રાસાયણિક પદાર્થ રહેલો છે જેને ખાવાથી ગળામાં વવળાટ થાય છે. ભારતદેશમાં તેનું વાવેતર આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, મહારાષ્ટ્ર, કેરળ, બિહાર, ઉત્તર પ્રદેશ, કર્ણાટક અને તમિલનાડુમાં કરવામાં આવે છે.

**જમીન અને આબોહવા :**

સામાન્ય રીતે સુરણને ગોરાળુ, મધ્યમ કાળી, ભાઠાની કે નદી-કિનારેની કાંપવાળી જમીન અનૂકુળ આવે છે. તે કંદમુળ વર્ગનો પાક હોવાથી પોચી, ભરભરી, સારી નિતારશકિતવાળી અને સેન્દ્રિય તત્વોથી ભરપૂર જમીન ઉત્તમ ગણાય છે. ભારે કાળી અને ચીકણી જમીનમાં પાણી સતત ભરાઈ રહેતું હોવાથી કંદ કોહવાઈ જવાની મુશ્કેલી આવી શકે છે આથી આ જમીન તેને અનૂકુળ નથી.

સુરણના વાનસ્પતિક વિકાસ માટે ગરમ અને ભેજવાળું વાતાવરણ અનૂકુળ છે.જયારે કંદનાં વિકાસ માટે ઠંડુ અને સૂકું હવામાન અનૂકુળ આવે છે, રોપણી બાદ આંખો ફૂટવા માટે ઊંચુ ઉષ્ણતામાન હોવું જરૂરી છે.



**જાતોનાં નામ :**

| અ.નં | જાતોના નામ | જાતો બહાર પાડયાનું વર્ષ | સરેરાશ ઉત્પાદન (ટન/હેકટર) | યુનિવર્સિટી |
|---|---|---|---|---|
| | સુધારેલી જાત | | | |
| ૧ | ગજેન્દ્ર | ૧૯૯૧ | ૪૨ | ANGRAU, હૈદરાબાદ |
| ૨ | શ્રીપદ્મા | ૧૯૯૯ | ૪૨ | CTCRI, ત્રીવેન્દ્રમ, કેરળ |
| ૩ | બીધાન કુસુમ (BCA-1) | ૨૦૦૨ | ૪૧ | BCKV,કલ્યાણી,પશ્ચિમ બંગાળ |
| | હાઈબ્રીડ જાત | | | |
| ૪ | એન.ડી.એ-૯ | ૨૦૧૧ | ૩૮-૪૦ | NDUAT, ફૈઝાબાદ, ઉત્તરપ્રદેશ |
| ૫ | શ્રી અથીરા | - | ૪૦.૫ | CTCRI, ત્રીવેન્દ્રમ,કેરળ |

**લોકલ જાતો:**

લાલ માવા, સફેદ માવા ઉપર દર્શાવેલ જાતોમાંથી ગજેન્દ્ર જાત ખુબ જ પ્રચલિત છે અને તેની લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

**ગજેન્દ્ર :**

આંધ્ર પ્રદેશના કોવુર સંશોધન કેન્દ્ર દ્વારા વર્ષ ૧૯૯૧ માં પસંદગી દ્વારા વિકસાવેલી જાત છે. જે વવળાટ વગરની વધુ ઉત્પાદન આપતી હોવાથી વ્યાપારીક ધોરણે વધુ પ્રચલિત છે. આ જાતના કંદ સુંવાળા હોય છે તેમજ અંગુલી ગાંઠ ખુબ જ ઓછી હોવાથી માતૃગાંઠનો વિકાસ વધુ સારી રીતે થાય છે. આ જાતના કંદ રાંધવામાં સારા અને સ્વાદિષ્ટ હોય છે તેમજ ગુણવત્તામાં ઉત્તમ અને સંગ્રહ શક્તિ પણ સારી હોય છે. આ જાતમાં કંદ ૧૮૦ થી ૨૧૦ દિવસમાં તૈયાર થાય છે, જેનું સરેરાશ ઉત્પાદન પ્રતિ હેકટર ૪૨ ટન જેટલું છે.

**બિયારણનો દર :**

સુરણનું વાવેતર કંદ રોપી કરવામાં આવે છે. સુરણનાં પાકમાં ચોથા વર્ષનાં અંતે તૈયાર થયેલ કંદ ઉપર આંગળી જેવી નાની ગાંઠો હોય છે, જેને અંગુલી ગાંઠો કહે છે. આ ગાંઠનો ઉપયોગ પ્રથમ વર્ષનાં પાક માટે બિયારણ તરીકે થાય છે. પ્રથમ વર્ષે ઉત્પન્ન થયેલ ગાંઠને ચકરાતું તરીકે ઓળખવામાં આવે છે. જેનો ઉપયોગ બીજા વર્ષનાં પાક માટે બિયારણ તરીકે થાય છે. બીજા વર્ષના અંતે ઉત્પન્ન થયેલ ગાંઠને ચકરી તરીકે ઓળખવામાં આવે છે. જેનો ઉપયોગ ત્રીજા વર્ષનાં પાક માટે બિયારણ તરીકે થાય છે. ત્રીજા વર્ષનાં અંતે ઉત્પન્ન થયેલ ગાંઠનો ઉપયોગ ચોથા વર્ષનાં બિયારણ માટે થાય છે. આમ ચોથા વર્ષનાં અંતે બજારમાં વેચાણલાયક મોટા કદની ગાંઠો તૈયાર થાય છે. સુરણનાં જુદાં-જુદાં ચોથા વર્ષનાં પાકના વાવેતર માટેનો બિયારણ દર અને રોપણીની વિગત નીચે મુજબ છે.



| પાક નું વર્ષ | ઉપયોગ લેવાતા બિયારણનું નામ | રોપણી વખતે ગાંઠનું વજન (ગ્રામ) | હેકટરદીઠ ગાંઠનું પ્રમાણ (કિ-ગ્રા) | રોપણીનું અંતર (સે.મી.) | હેકટરદીઠ ગાંઠ/ટુકડા ની સંખ્યા | ખાડાની ઉંડાઈ (સે.મી.) |
|---|---|---|---|---|---|---|
| પ્રથમ | અંગુલી ગાંઠ (સાંઢિયો) | ૨૫ થી ૪૦ | ૨૭૭૮ થી ૪૪૪૪ | ૩૦૩૦ | ૧૧૧૧૧ ૧ | ૧૦ |
| બીજું | ચકરાતું | ૧૨૫ થી ૧૭૫ | ૬૧૭૨ થી ૮૬૪૧ | ૪૫૪૫ | ૪૯૩૮૨ | ૧૫ |
| ત્રીજું | ચકરી | ૫૦૦ થી ૭૫૦ | ૮૮૮૮ થી ૧૩૩૩૩ | ૭૫૭૫ | ૧૭૭૭૭ | ૨૦ |
| ચોથું | ત્રીજા વર્ષનું બિયારણ | ૧૦૦૦ થી ૧૨૦૦ | ૯૨૬૦ થી ૧૧૫૬૫ | ૧૨૦૯૦ | ૯૨૬૦ | ૩૦ |

**બીજ માવજત**

સુરણની ગાંઠોને રોપતાં પહેલાં બે થી ત્રણ માસનો આરામ આપવો આવશ્યક છે. આ માટે તેનો અંધારિયા રુમમાં સંગ્રહ કરવો. રોપણી અગાઉ ગાંઠોને ઝાડનાં છાંયડામાં ભેજવાળા વાતાવરણમાં ૧૫ દિવસ ઉંધુ રાખી મુકવું, જેથી આંખો વહેલી ફુટી નીકળે. ત્યારબાદ તેને રોપણી માટેનું વર્ષ અને વજન અનુસાર પસંદ કરેલી ગાંઠોનાં કટકા કરવા અને તેને ગાયના તાજા છાણની રબડી સાથે ફુગનાશક દવા જેમકે કાર્બેન્ડેઝીમ ૨ ગ્રામ/લી. અથવા કોપર ઓક્સીક્લોરાઈડ (COC) ૩ ગ્રામ/લી. નાં દ્રાવણમાં ૫ થી ૧૦ મીનીટ ડુબાડી ત્યારબાદ છાંયડે સૂકવીને રોપણી કરવી. સેન્દ્રીય ખેતી માટે ગાયનાં તાજા છાણની રબડી સાથે ફુગનાશક ટ્રાઈકોડર્મા કલ્ચરનો ઉપયોગ કરી શકાય. આ માટે ૧ લીટર પાણીમાં ૧ કિલો ગાયનું તાજું છાણ નાંખી તેમાં ટ્રાઈકોડર્મા ૫ ગ્રામ/કિગ્રા કંદ અથવા ટુકડા પ્રમાણે ભેળવી એકસરખું મિશ્રણ તૈયાર કરવું. આ મિશ્રણમાં કંદ/ટુકડાને ૫ થી ૧૦ મીનીટ બોળી રાખ્યા બાદ છાંયડે સુકવી રોપણી કરવી.

**જમીનની તૈયારી :**

જમીનને હળ કે ટ્રેકટરથી બે થી ત્રણ ૨૦ થી ૨૫ સે.મી. ઉંડી ખેડ કરી ત્યારબાદ સમાર મારી એપ્રિલનાં પહેલાં અઠવાડિયામાં જમીન પોચી અને ભરભરી બનાવવી અને ૧૫ થી ૨૦ દિવસ જમીન તપાવવા દેવી. સારું કોહવાયેલું છાણીયું ખાતર/કંપોસ્ટ હેક્ટર દીઠ ૨૦ થી ૨૫ ટન જમીનમાં ભેળવવું.

**રોપણીનો સમય અને રોપણી :**

તાજા સુરણનાં કંદનો રોપણી માટે ઉપયોગ કરી શકાતો નથી. શિયાળામાં કંદ ૩ થી ૪ મહિના સુષુપ્તાવસ્થામાં રહે છે. ઉનાળામાં ગરમી શરુ થતાં તેમાં દેહ ધાર્મિક ક્રિયાઓ થવાની શરુઆત થાય છે. આમ છતાં સુરણનાં કંદને ૦.૧% થાયોરિયા (૨૦૦ મીલી/લી) અથવા ૦.૧% પોટેશિયમ નાઈટ્રેટ ($KNO_3$) (૧૦૦ મીગ્રા/લી) દ્રાવણમાં ૬ કલાક ડુબાડીને તેની સુષુપ્તાવસ્થા તોડી શકાય છે. સુરણની રોપણી ૧૫ એપ્રિલથી - ૧૫ મે સુધીમાં કરવી, જેથી વરસાદ પહેલાં સુરણ ઉગી નીકળે અને તેની ગાંઠો સડવાનો ભય ના રહે.

જે વિસ્તારમાં જમીનની નિતારશકિત ઓછી હોય, ખેતરમાં પાણી ભરાવાની શકયતા હોય અથવા વરસાદનું પ્રમાણ વધારે હોય તેવા વિસ્તારમાં સુરણનું વાવેતર ૧૫ થી ૨૦ સેમી ઉંચા ગાદીકયારા બનાવી તેની ઉપર કરવું. સારી નિતારશકિત તેમજ ઉંચાણ વિસ્તાર ધરાવતા અને ઓછા વરસાદવાળા વિસ્તારમાં સુરણનું વાવેતર સપાટ ક્યારા બનાવીને પણ કરી શકાય છે. સુરણ રોપતા સમયે આંખ તરફનો ભાગ ઉપરની બાજુ રહેવો જોઈએ. સુરણ રોપ્યા

પછી ઉનાળામાં સુર્યનાં સખત તાપથી સ્ફૂરણ થતી કળીઓને રક્ષણ આપવા માટે હેક્ટરે ૪૦ થી ૬૦ કિગ્રા શણ અથવા ૨૦ કિગ્રા ગુવારનું બીજ પુંખવું. શણ/ગુવાર ૧.૫ થી ૨ માસનાં થાય અથવા તેનાં ઉપર ફૂલ આવે તે પહેલાં જ ઉખેડી જમીનમાં દાબી દઈને લીલો પડવાશ કરવો.

વ્યાપારિક ધોરણે સુરણનાં વાવેતર માટે ૯૦×૯૦ સે.મી.નાં અંતરે ૫૦૦ ગ્રામ વજનની ગાંઠ રોપવામાં આવે તો હેકટર દીઠ ૬ ટન બિયારણની જરુરીયાત રહે છે અને તેમાંથી ૩૫ થી ૪૦ ટન પ્રતિ હેકટર ઉત્પાદન મળે છે.

**મીનીસેટ પધ્ધતિ:**

ખેડુતોની પ્રણાલીગત પધ્ધતિમાં રોપણીનો મલ્ટીપ્લીકેશન રેશીયો ૧:૪ હોય છે. જ્યારે મીનીસેટ પધ્ધતિમાં સુરણનો મલ્ટીપ્લીકેશન રેશીયો ૧:૧૫ હોય છે. આ પધ્ધતિમાં ૧૦૦ ગ્રામ કંદના ટુકડાનું વાવેતર ૬૦×૪૫ સે.મી. નાં અંતરે કરવું. જેમાંથી હેક્ટર દીઠ ૩૭,૦૩૭ છોડ મળે છે. આ પધ્ધતિમાં ૩૦ સે.મી. ઉંડો ખાડો કરી તેમાં સારું કોહવાયેલું છાણીયું ખાતર ૧ કિગ્રા પ્રતિ ખાડા દીઠ માટી સાથે મિક્સ કરીને રોપણી કરવી. મહિનામાં સુરણનાં કંદ તૈયાર થઈ જાય છે. આ કંદનું વજન ૬૦૦ ગ્રામ થી ૧.૫ કિગ્રા જેટલું હોય છે.

**ખાતર વ્યવસ્થાપન :**

સુરણનાં પાક માટે હેક્ટર દીઠ ૨૦ થી ૨૫ ટન સારું કોહવાયેલું છાણિયું ખાતર જમીન તૈયાર કરતી વખતે આપવું. રાસાયણીક ખાતર ૧૫૦:૬૦:૧૫૦ કિગ્રા ના:ફો:પો હેક્ટર દીઠ આપવું. જેની સમયાનુસાર માહિતી કોષ્ટકમાં દર્શાવેલ છે.

| અ. નં. | ખાતર આપવાનો સમય | છાણિયુ ખાતર | નાઈટ્રોજન (કિ.ગ્રા./હેકટર) | ફોસ્ફરસ (કિ.ગ્રા./હેકટર) | પોટેશિયમ (કિ.ગ્રા/હેકટર) |
|---|---|---|---|---|---|
| ૧ | જમીન તૈયાર કરતી વખતે અથવા રોપણી સમયે પાયામાં | ૨૦ થી ૨૫ ટન/હેકટર અથવા ૨ થી ૨.૫ કિ.ગ્રા. પ્રતિ ખાડા દીઠ | ૭૫ (૧૬૩ કિગ્રા યુરીયા) | ૬૦ (૩૭૫ કિગ્રા સિંગલ સુપર ફોસ્ફેટ) | ૭૫ (૧૩૦ કિગ્રા.મ્યુરેટ ઓફ પોટાશ) |
| ૨ | રોપણી બાદ ૩૫ દિવસ | - | ૩૭.૫ (૮૧ કિગ્રા યુરીયા) | - | ૩૭.૫ (૬૫ કિગ્રા મ્યુરેટ ઓફ પોટાશ) |
| ૩ | રોપણી બાદ ૭૦ દિવસ | - | ૩૭.૫ (૮૧ કિગ્રા યુરીયા) | - | ૩૭.૫ (૬૫ કિગ્રા મ્યુરેટ ઓફ પોટાશ) |

સેંદ્રિય ખેતિ માટે ૧ ટન સંપૂર્ણ કંપોષ્ટના જથ્થામાં ૧ કિલો ટ્રાયકોડર્મા તથા લીમડાનો ખોળ મિશ્ર કરી આ સમગ્ર જથ્થાને ૭ દિવસ સુધી પ્લાસ્ટિક શીટ વડે ઢાંકી રાખવું. આ તૈયાર થયેલ કંપોષ્ટને કંદની રોપણી વખતે તૈયાર કરેલા ખાડામાં ૧ કિગ્રા પ્રતિ ખાડા દીઠ આપવું અથવા પ્રાથમિક ખેડ વખતે હેકટર દીઠ ૧૦ ટન સારું કોહવાયેલું છાણીયું ખાતર જમીનમાં બરાબર ભેળવી દેવું. રોપણી વખતે હેકટર દીઠ ૨.૫ ટન અને રોપણી બાદ ૩૦ દિવસે ફરીવાર હેકટર દીઠ ૨.૫ ટન અળસિયા ખાતર નાંખવું. આ સિવાય ના.ફો.પો. માટે જૈવિક ખાતરો જેવાં કે એઝેટોબેકટર, પી.એસ.બી અને પોટાશ મોબીલાઈઝરનો ઉપયોગ કરવાથી ફાયદો થાય છે. રોપણી સમયે ૧૦ ટકા ગાયનું તાજું છાણ, ૨ ટકા ગૌમૂત્ર, ૦.૫ ટકા ટ્રાયકોડર્મા અને ૦.૫ ટકા સ્યુડોમોનાસનું મિશ્રણ કરી રોપણી કરવી. આ સિવાય હેકટર દીઠ ૧ થી ૫ ટન રાખ રોપણી સમયે આપવી તેમજ ૧.૫ ટકા ગૌમૂત્ર અને ૧૫ ટકા છાશનાં મિશ્રણનો છંટકાવ પણ કરી શકાય.



**પિયત વ્યવસ્થાપન :**

સુરણનાં પાકમાં પહેલું પિયત વાવણી પછી તરત જ આપવું. ત્યારબાદ બીજું પાણી વાવણીના ૬ થી ૭ દિવસ બાદ આપવું. ચોમાસામાં સારો વહેંચાયેલો વરસાદ થાય તો પાણી આપવાની જરુરિયાત રહેતી નથી. પરંતુ જો વરસાદ ખેંચાય તો જમીનમાં આવશ્યક પાણી આપીને ભેજ જાળવવું. ૭ થી ૮ મહિના બાદ પાન પીળા પડી જમીન પર ઢળવા માંડે ત્યારે પિયત આપવાનું બંધ કરવુ જેથી બંધાયેલી ગાંઠ કોહવાઈ નહી અને તેમાંથી નવી પીલવણી ના થાય. ખેતરમાં જો પાણીનો ભરાવો રહેવા પામે તો 'હાર્ડ ટુ કુક' નામની દેહધાર્મીક વિકૃતી જોવા મળે છે.

**છોડનો વિકાસ :**

સુરણનાં છોડના જીવનકાળ દરમ્યાન તેના ઉપર બે કે ત્રણ પાન નીકળતાં હોય છે. પ્રથમ પાન કંદની રોપણી બાદ દોઢ માસે નીકળે છે. કેટલીકવાર છોડ પર બે થી વધારે પાન પણ જોવા મળે છે.

**આંતર પાક :**

સુરણને આંબા, કેળ, નારિયેળ, સોપારી, રતાળુ, રબર તેમજ કોફીનાં પાક સાથે આંતરપાક તરીકે પણ લઈ શકાય છે. જેનાથી ઓછી જગ્યામાં વધુ આવક મેળવી શકાય.

**અન્ય માવજત :**

રોપણી બાદ ૪૫ અને ૭૫ દિવસે નીંદામણ તેમજ થડની આસપાસ માટી ચઢાવવી આ દરમ્યાન થડને કાંઈ ઈજાના થાય તેની કાળજી રાખવી. વધુ નીંદામણ જણાય તો પ્રિ-ઈમરજન્સ નીંદણનાશક તરીકે પેન્ડીમિથાલીન ૫૫ મીલી પ્રતિ ૧૦ લીટર પાણી પ્રમાણે રોપણી બાદ જમીનમાં પૂરતો ભેજ હોય ત્યારે છંટકાવ કરવો.

**લણણી :**

સુરણની રોપણી બાદ સાત થી આઠ મહીના બાદ ગાંઠો પરિપક્વ થાય છે. બીજું પાન પીળું પડે ત્યારે સુરણી ગાંઠ જમીનમાંથી ખોદવાલાયક પૂરેપૂરી બંધાય જાય છે. પરંતુ છોડનાં બધાં જ પાની પીળા પડીને ખરી જાય ત્યારબાદ સુરણની ગાંઠ જમીનમાંથી ખોદીને બહાર કાઢવી. જો બજારભાવ સારા હોય તો ગાંઠ પૂરેપૂરી પાકટ થાય તે પહેલાં સપ્ટેમ્બર-ઓકટોબરમાં પણ કાઢી શકાય છે. પરંતુ ઉતાર ઓછો મળે છે. આમ છતાં આ સમય દરમ્યાન બજારભાવ સારો મળવાથી સરભર થઈ જાય છે. સુરણની ગાંઠો બરાબર તૈયાર થઈ ગયા બાદ જમીનમાં પણ રાખી શકાય છે. આથી જયારે બજારભાવ સારા હોય ત્યારે ગાંઠોને જમીનમાંથી ખોદીને બજારમાં મોકલાવી શકાય, પરંતુ તેવા કિસ્સામાં લાંબા સમય બાદ એકાદ હળવું પાણી આપવું જેથી ગાંઠો સુકાઈ ન જાય. ગાંઠો સહેલાઈથી ખોદી શકાય તે માટે ખોદતાં પહેલાં હળવું પાણી આપવું. અને ત્યારબાદ કોદાળીથી ખોદતા ગાંઠોને ઈજા ન થાય તેની કાળજી રાખવી. સુરણની ગાંઠોને જમીનમાંથી ખોદી કાઢયા પછી તેના વજનમાં પ્રથમ ચાર દિવસમાં ૩ થી ૪ ટકા અને પહેલાં એક માસમાં ૨૫ થી ૩૦ ટકા જેટલો ઘટાડો થાય છે. આથી બજારમાં માંગ હોય ત્યારે ગાંઠો ખોદી બજારમાં મોકલવી. ચોથા વર્ષની સુરણની ગાંઠોમાંથી અંગુલી ગાંઠો છૂટી પાડી સુરણનાં પહેલાં વર્ષનાં વાવેતર માટે બિયારણ તરીકે સંગ્રહી રાખવી.

**ઉત્પાદન :**

સુરણનું ઉત્પાદન વજનની ગાંઠ અને પાક ઉછેર વ્યવસ્થાપન ઉપર આધાર રાખે છે. ચોથા વર્ષનાં સુરણનાં પાકમાંથી સરેરાશ હેકટરે ૩૫ થી ૪૦ ટન ઉત્પાદન મળે છે. સામાન્ય રીતે હેકટરે ૫૦ થી ૬૦ ટન જેટલું ઉત્પાદન મેળવી શકાય છે.



# સુરણની વૈજ્ઞાનિક ખેતી




ડૉ. ધર્મિષ્ઠા એમ. પટેલ, વૈજ્ઞાનિક (બાગાયત)
ડૉ. એ. જે. ઢોડિયા, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ)
પ્રો. આરતી એન. સોની, વૈજ્ઞાનિક (ગૃહ વિજ્ઞાન)
ડૉ. સી. ડી. પંડયા, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા



**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (ICAR)**
નવસારી કૃષિ યુનિવર્સિટી
એગ્રીકલ્ચર પોલીટેકનીકની સામે,
ભેંસકાત્રી રોડ, પાનવાડી, વ્યારા, જિ.તાપી
ફોન નં. (૦૨૬૨૬) ૨૨૧૮૬૯
યુનિવર્સિટી પ્રકાશન નંબર : ૧૦૭/૨૦૨૦-૨૧